# પ્રસાર ભારતી
## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 02-Nov-2024 સવારે : 7.45 થી 7.55

1) નવી આશા, ઉમંગ અને અપેક્ષાઓ સાથે આજથી ગુજરાતી વિક્રમ સંવત 2081ના નુતન વર્ષનો પ્રારંભ -
2) ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે કુલ એક હજાર 211 ઉમેદવારો જ્યારે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે 7 હજાર 66 ઉમેદવારો મેદાનમાં -
3) ઇસરોએ લેહથી દેશનું પ્રથમ એનાલૉગ અંતરિક્ષ મિશન લૉન્ચ કર્યું
4) ઓકટોબર મહિનામાં વસ્તુ અને સેવા કરની આવકમાં નવ ટકાનો વધારો નોંધાયો
5) ભારતના આયુષ શેટ્ટી અને માલવિકા બંસોડ આજે સાંજે જર્મનીના સારબ્રુકનમાં હાઇલો ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં રમશે.

## *GUJARATI NEW YEAR*

**નવી આશા, ઉમંગ અને અપેક્ષાઓ સાથે આજથી વિક્રમ સંવત 2081ના નુતન વર્ષનો પ્રારંભ થયો છે. રાજ્યભરમાં લોકો હર્ષોલ્લાસ સાથે પરંપરાગત રીતે નવા વર્ષને વધાવી રહ્યા છે. લોકો આજે વસ્ત્રોમાં સજ્જ થઈ નવા વર્ષની શુભેચ્છાઓની આપ લે કરશે અને એકબીજાને મીઠાઈ ખવડાવી સમગ્ર વર્ષ મીઠાશથી ભરેલું રહે તથા આરોગ્ય સારું રહે તેવી શુભેચ્છાઓ પાઠવશે. રાજ્યભરના મંદિરમાં આજે વિશેષ શઇણગાર રોશની થશે.**

દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભે આજે સવારે ગાંધીનગરમાં પંચદેવ મંદિરના દર્શન કરી નૂતન વર્ષનો પ્રારંભ કરશે ત્યારબાદ તેઓ અડાલજ ખાતે ત્રિમંદિરમાં દર્શનપૂજા બાદ નૂતન વર્ષ નિમિત્તે મંત્રીમંડળ નિવાસ સંકુલમાં આવેલા કોમ્યુનીટી સેન્ટવર ખાતે નાગરિકો-પ્રજાજનો સાથે નૂતન વર્ષાભિનંદન કરશે.

રાજ ભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવ્યા બાદ તેઓ અમદાવાદમાં એનેક્ષી સરકીટ હાઉસ, શાહીબાગ ખાતે નાગરિકો સાથે નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરશે. મુખ્યમંત્રી તે પહેલાં અમદાવાદ માં ભદ્રકાળી માતાના મંદિરે દર્શનાર્થે પણ જવાના છે. બપોરે શાહીબાગ ડફનાળા ખાતે પોલીસ અધિકારી મેસમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારોને નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવશે.

.................

## *GUJARATI NEW YEAR*

સમગ્ર વિશ્વમાં ગુજરાતી સમુદાય દ્વારા આજે નવા વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. ગુજરાતમાં નવું વર્ષ વિક્રમ સંવતના કારતક મહિનાના પ્રથમ દિવસે ઉજવવામાં આવે છે. ગુજરાતી નવું વર્ષ બેસતું વર્ષ તરીકે પણ ઓળખાય છે અને સમગ્ર રાજ્યમાં તેની પરંપરાગત ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. આ અવસર પર મંદિરોમાં વિશેષ પૂજા કરવામાં આવી રહી છે.

અમદાવાદના અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે ગુજરાતી નાગરિકો હિંદુ કેલેન્ડર વિક્રમ સંવતના કારતક મહિનાના પ્રથમ દિવસને નવા વર્ષ તરીકે ઉજવે છે. જે બેસતા વર્ષ તરીકે પણ જાણીતું છે. આજે વહેલી સવારથી રાજ્યના મુખ્ય મંદિરોમાં  લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. લોકો નવા વર્ષે મંદિરે જઈ ભગવાનના આશીર્વાદ મેળવે છે. બેસતા વર્ષ એટલે કે વર્ષના પ્રથમ દિવસે

મહેમાનોનું સ્વાગત કરવા માટે લોકો તેમના ઘરોમાં સુશોભન કરી પ્રવેશદ્વારે રંગોળી છે. વેપારીઓ અને ધંધાકીય ગૃહો તેમના વ્યવસાયના સ્થળોએ પૂજા અર્ચના કરશે અને પાંચ દિવસ તેમની દુકાનો બંધ કરશે. નૂતન વર્ષાભિનંદન - એટલે કે નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવા લોકો સગાવહાલાંને ત્યાં જાય છે અને મીઠાઈ ખવરાવી મોં મીઠું કરાવે છે

.................

## *SAVANT CALENDAR*

આજથી વિક્રમ સંવંત 2081નો પ્રારંભ થઈ રહ્યો છે.. ગુજરાતીઓ માટે વિક્રમ સંવંતથી નવા વર્ષનો પ્રારંભ થાય છે અને આ દિવસને બેસતું વર્ષ તરીકે ઉજવે છે. વિશ્વભરમાં ઇસવિસન પ્રમાણે નવા વર્ષનો પ્રારંભ થાય છે. આ વિશે વધુ માહીતી આપી રહ્યા છે. વરિષ્ઠ પત્રકાર ભરત રાજગોર..

(ડેસ્ક. બાઇટ ભરત રાજગોર)

.................

## *JHARKHAND – CANDIDATES*

ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે કુલ એક હજાર 211 ઉમેદવારો મેદાનમાં છે. ગઇકાલે બીજા તબક્કા માટેના ઉમેદવારીપત્રો પરત ખેચવાના અંતિમ દિવસ બાદ કુલ ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. ઉલ્લેખનીય છે કે 81 સભ્યોની વિધાનસભા માટે બે તબક્કામાં મતદાન થઈ રહ્યું છે. પ્રથમ તબક્કાનું મતદાન 13 નવેમ્બરે 43 બેઠકો પર થશે. આ તબક્કા માટે છસો 83 ઉમેદવારો મેદાનમાં છે, જ્યારે ગઈકાલે ઉમેદવારીપત્રો પરત ખેંચાયા બાદ બીજા તબક્કા માટે પાંચસો 28 ઉમેદવારો મેદાનમાં છે. બીજા તબક્કામાં 20 નવેમ્બરે 38 મતવિસ્તારોમાં મતદાન થશે. મતગણતરી 23 નવેમ્બરે થશે.

.................

## *MAHARASTRA ELECTION*

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારીપત્ર પરત ખેંચવાની છેલ્લી તારીખ 4 નવેમ્બર છે.

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી માટે 288 બેઠકો માટે 7 હજાર 66 ઉમેદવારોના ઉમેદવારીપત્રો માન્ય રખાયા  છે . નાંદેડ લોકસભા પેટાચૂંટણી માટે 22 ઉમેદવારોના ઉમેદવારીપત્રની ચકાસણી બાદ માન્ય જણાયા છે. સોમવાર સુધી ઉમેદવારી પરત ખેંચી શકાશે. રાજ્યમાં 20 નવેમ્બરે મતદાન થશે અને 23 નવેમ્બરે મતગણતરી થશે. રાજ્યમાં લગભગ 9 કરોડ 70 લાખ મતદારો છે

.................

## *REV. JHARKHAND – CAMPAIGNING*

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાંચીની મુલાકાત લેશે. તેઓ પાર્ટીના નેતાઓ સાથે ચૂંટણી તૈયારીઓની સમીક્ષા કરશે. શ્રી શાહ આવતીકાલે પૂર્વ સિંઘભૂમ જિલ્લાના ઘાટસિલાના ધલભૂમગઢ, હજારીબાગ જિલ્લાના બરકાથા અને ચતરા જિલ્લાના સિમરિયામાં ચૂંટણી રેલીઓને સંબોધિત કરશે.

દરમિયાન રાજ્યમાં ચૂંટણી પ્રચાર વેગ પકડી રહ્યો છે. શાસક અને વિપક્ષના નેતાઓ  લોકોનો સંપર્ક કરવામાં વ્યસ્ત છે. ભાજપના ચૂંટણી સહ-પ્રભારી અને આસામના મુખ્યમંત્રી હિમંતા બિસવા સરમાએ કહ્યું છે કે જો ભાજપ સત્તામાં આવશે, તો તે રાજ્યમાં રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર NRC અમલ કરશે.

બીજી તરફ કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી કે.સી. વેણુગોપાલે આક્ષેપ કર્યો કે ભાજપ  બંધારણની વિરુદ્ધ છે. શ્રી વેણુગોપાલે કહ્યું કે તેમની પાર્ટી આ મુદ્દાને વ્યાપક સ્તરે ઉઠાવશે.

.................

## *ISRO ANALOG MISSION*

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થાન- ઇસરોએ શુક્રવારે લેહથી દેશનું પ્રથમ એનાલોગ અંતરિક્ષ મિશન લૉન્ચ કર્યું છે. ઇસરોનું માનવ અવકાશ ઉડ્ડયન કેન્દ્ર આ મિશનનું નેતૃત્વ કરી રહ્યું છે, જે AAKA સ્પેસ સ્ટુડિયો, લદ્દાખ યુનિવર્સિટી, IIT બૉમ્બે દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરાયેલ છે. આ મિશનનો હેતુ અન્ય ગ્રહો પર જીવનની શક્યતા અંગે વધુ સંશોધન કરવાનો તેમજ પૃથ્વીથી પરે એક બેસ સ્ટેશન સ્થાપિત કરવા અંગેના પડકારોને શોધવાનું છે.

આ મિશન ભારતના ગગનયાન કાર્યક્રમ અને ભવિષ્યના અંતરિક્ષ સંશોધનનું સમર્થન કરવા માટે અમૂલ્ય ડેટા એકત્ર કરવામાં મહત્વનો ભાગ ભજવશે.

લદ્દાખની સૂકી આબોહવા, ઉંચાઈ, રેતાળ જમીન મંગળ અને ચંદ્ર જેવી સ્થિતિ ધરાવે છે, જે તેને એનાલોગ સંશોધન માટે આદર્શ બનાવે છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

.................

## *GST COLLECTION*

ઑક્ટોબર મહિનામાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST)ની આવકમાં 9 ટકાનો વધારો થયો છે, જે અત્યાર સુધીની બીજી સૌથી વધુ આવક છે, મુખ્યત્વે સ્થાનિક વેચાણમાં વધારો અને સુધારેલા નિયમોના કારણે ઓક્ટોમ્બર મહિના દરમિયાન કેન્દ્ર GST કલેક્શન 33 હજાર ,821 કરોડ રૂપિયા, રાજ્ય GST 41 હજાર 864 કરોડ

રૂપિયા, ઇન્ટિગ્રેટેડ IGST 99 હજાર 111 કરોડ રૂપિયા અને સેસ 12 હજાર 550 કરોડ રૂપિયા છે. જેને લીધે કુલ GST આવક 8.9 ટકા વધીને 1, લાખ 87 હજાર 346 કરોડ રૂપિયા થઈ છે. ઓક્ટોબર 2023 માં,જીએસટીની આવક 1.72 લાખ કરોડ રૂપિયા હતું. જે ઑક્ટોબર 2024માં વધીને 1.87 લાખ કરોડ સુધી પહોંચી છે. અત્યાર સુધીમાં જીએસટીની સૌથી વધુ આવક એપ્રિલ 2024માં 2.10 લાખ કરોડ રૂપિયા થઇ હતી.નિષ્ણાતો કહે છે કે, તહેવારોની સિઝનના વેચાણ અને વધેલા અનુપાલનને કારણે જીએસટી કલેક્શનમાં ઉછાળો આવ્યો છે.

.................

## *REV. BADMINTON-HYLO OPEN*

ભારતના આયુષ શેટ્ટી અને માલવિકા બંસોડ આજે સાંજે જર્મનીના સારબ્રુકનમાં હાઇલો ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં રમશે.

મહિલા સિંગલ્સ વર્ગની સેમી ફાઇનલમાં છઠ્ઠી ક્રમાંકિત માલવિકા બંસોડનો મુકાબલો ડેનમાર્કની જુલી દાવલ જેકબસેન સાથે થશે, જ્યારે આયુષ શેટ્ટી પુરુષ સિંગલ્સની સેમી ફાઇનલમાં ફ્રાન્સના ક્રિસ્ટો પોપોવ સામે ટકરાશે.

અગાઉ, માલવિકાએ ક્વાર્ટર ફાઇનલમાં વિયેતનામની ન્ગુયેન થુય લિન્હને 21-15, 21-17થી પરાજય આપ્યો હતો. જ્યારે આયુષે ફિનલેન્ડના કલ્લે કોલજોનેનને 21-18, 21-18થી હરાવીને પુરુષ સિંગલ્સની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે મારા સહયોગી નીકિતા શાહ....

- આજથી વિક્રમ સંવત 2081નો પ્રારંભ- ના સમાચારને તમામ અખબારોના પ્રથમ પાને સ્થાન આપ્યું છે.

- સંદેશ દૈનિક લખે છે કે, વૈશ્વિક તંગદિલી વચ્ચે સંવંત વર્ષ 2081નો પ્રારંભ., રાજસ્થાન પત્રિકા લખે છે કે, દેશભરમેં ધૂમધામ સે મનાઈ ગઈ દિવાળી, ઉત્સાહ સે હવા હુઈ સાવધાની ..
- દિવાળીમાં ફટાકડાથી પ્રદૂસિત  થતાં વાતાવરણ અંગે સંદેશ લખે છે... દિવાળીની રાત્રે દિલ્હી વિશ્વનું સૌથી વધુ પ્રદુષિત શહેર બન્યું,એર ક્વોલિટી ઈન્ડેક્ષ 400ને પાર થયો.
- નવ ગુજરાત સમય લખે છે કે દિવાળી પછી દિલ્હીની હવા વિશ્વમાં સૌથી વધુ પ્રદુષિત બની,
- બાલાજી મંદિર ટ્રસ્ટે  એકસાથે 1 હજાર દીકરીઓને દત્તક લીધી- આ સમાચાર ને દિવ્ય ભાસ્કર અખબારે લીડ સમાચાર  તરીકે સ્થાન આપતા લખ્યું છે દીકરી દેવો ભવ:
- પ્રધાનમંત્રીના આર્થિક સલાહકાર પરિષદના અધ્યક્ષ વિવેક દેવરોયનું 69 વર્ષની વયે નિધન - આ સમાચાર પણ દીવયભાસ્કર, સંદેશ સહીત તમામ અખબારોમાં પ્રથમ પાને લીધા છે..
- કોમર્શિયલ ગેસના ભાવમાં 62 રૂપિયાનો વધારો નોંધાયો, આ સમાચારને પણ દિવ્યભાસ્કર સહીત તમામ અખબારોએ સ્થાન આપ્યું છે.

--------------

## *INDIA-NZ CRICKET*

મુંબઈમાં ન્યુઝીલેન્ડ સાથેની ત્રીજી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચના બીજા દિવસે આજે ભારત તેની પ્રથમ ઇનિંગમાં ચાર વિકેટે 86 રનથી રમત શરૂ કરશે. ગઈકાલે રમતના અંત સુધીમાં શુભમન ગિલ 31 રન અને રિષભ પંત એક રન સાથે રમતમાં હતા.

આ અગાઉ ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ન્યૂઝીલેન્ડ 235 રનમાં ઓલઆઉટ થયું હતું. રવિન્દ્ર જાડેજાએ પાંચ અને વોશિંગ્ટન સુંદરે ચાર વિકેટ ઝડપી હતી. ન્યૂઝીલેન્ડ ત્રણ ટેસ્ટ મેચની શ્રેણીમાં બે-શૂન્યથી આગળ છે.

.................